નવગુજરાત સમય. પાના નં.૨૬, તા. ૨૪.૦૨.૨૦૨૪

# મેટ્રો નેટવર્કનું ગીફ્ટ સિટી સુધી વિસ્તરણ કરવા બજેટમાં ખાસ જોગવાઈ

**અમદાવાદ** | ગુજરાત રાજ્યનું પરિવહન સેવાઓનું નેટવર્ક દિવસેને દિવસે વધુ સુદ્રઢ બન્યું છે. વડાપ્રધાનના દિશાનિર્દેશ હેઠળ ગુજરાતમાં મેટ્રો રેલ સેવા પણ કાર્યાન્વિત બની છે. આ માસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ(MRTS) લોકોને ઝડપી, સલામત અને સરળ અવરજવરની સુવિધા આપી રહી છે. અમદાવાદ શહેરમાં મેટ્રો દરરોજ 70 હજારથી વધુ મુસાફરોને સેવા પૂરી પાડે છે. લોકો હવે પબ્લિક ટ્રાન્સપોર્ટને પ્રાયોરિટી આપતા થયા છે. અમદાવાદ ઉપરાંત રાજકોટ તથા વડોદરા શહેરમાં પણ મેટ્રો રેલ પ્રોજેક્ટના અમલીકરણનું આયોજન છે. અમદાવાદ એરપોર્ટથી મેટ્રો નેટવર્કને જોડવા અને ગીફ્ટ સિટી સુધી તેનું વિસ્તરણ કરવા આ વર્ષના બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે એમ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. રાજ્ય સરકારે હવે રિવરફ્રન્ટને સળંગ અમદાવાદથી ગાંધીનગર સુધી લંબાવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. આ નિર્ણયના ભાગરૂપે ફેઝ-૪ અને ફેઝ-૫ અંતર્ગત રિવરફ્રન્ટ અને સંલગ્ન વિસ્તારનો ઇન્દિરાબ્રિજથી ગાંધીનગર સુધી વિકાસ કરવામાં આવશે. તેમણે કહ્યું કે, વડાપ્રધાનના દૂરંદેશીતાના પરિણામે ગાંધીનગરમાં આકાર પામેલ ગીફ્ટ સિટી ભારતનું પ્રથમ અને એક માત્ર કાર્યરત એવું આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓનું કેન્દ્ર(IFSC) છે. ગીફ્ટ સિટી ગ્લોબલ ફાયનાન્સ હબ તરીકે ઉભરી રહ્યું છે. ૯૦૦ એકરથી 3300 એકરમાં વિસ્તરણ કરી ગીફ્ટ સિટીને પ્લાન્ડ ગ્રીન સિટી તરીકે વિકસાવવામાં આવશે.